**International Journal of Advance and Applied Research**
www.ijaar.co.in
**ISSN – 2347-7075** **Impact Factor – 7.328**
**Peer Reviewed** **Bi-Monthly**
**Vol.11 No.2** **Nov-Dec 2023**

# ગુજરાતી ટૂંકીવાર્તામાં બદલાતા સ્થિત્યંતરો

**ડૉ. રાજેન્દ્ર કે. મકવાણા**
એસોસિયેટ પ્રોફેસર, એસ. આર. ભાભોર આટર્સ કોલેજ, સીંગવડ
**Corresponding Author – ડૉ. રાજેન્દ્ર કે. મકવાણા**
**DOI- 10.5281/zenodo.10283021**

**સારાંશ:**

જગત આખામાં સૌથી વધારે લખાતું અને વંચાતું સ્વરૂપ ટૂંકીવાર્તાનું માનવામાં આવે છે. ટૂંકીવાર્તાએ તેના ઉદ્ભવથી લઈને આજપર્યંત ભાવકોને પોતાના તરફ આકર્ષિત રાખ્યા છે તે તેની લોકપ્રિયતા દર્શાવે છે. આપણને સૌને પોતાના લાઘવભર્યા તથા સચોટ આકર્ષક સ્વરૂપથી મોહિત કરનાર ટૂંકીવાર્તાના ઉદ્ભવને ગુજરાતી સાહિત્યમાં તો માંડ સદી પૂરી થવા જાય છે. આ ૧૦૦ વર્ષોમાં નવલિકાએ ઘણી ચડતીપડતીના દિવસો જોયા છે. ઘણા સિદ્ધહસ્ત કલાસ્વામીઓના હાથે નિત્યનવીન રૂપ પામવાનું તેના નશીબમાં આવ્યું છે. તો ઘણીવાર પ્રયોગખોરીના નામે દુર્બોધ બનતી વાર્તાને ભાવકોથી દૂર થવાનું પણ બન્યું છે. આવી આ વાર્તાનું ગુજરાતી વાર્તામાં અવતરણ કેવી રીતે અને કોના દ્વારા થયું છે તેનો થોડો ઈતિહાસ આપણે ટૂંકમાં જોઈશું.

ગુજરાતી સાહિત્યમાં નવલકથા, નાટક, સૉનેટ, હાઈકુ વગેરે જેવાં સાહિત્યસ્વરૂપોની જેમ ટૂંકીવાર્તા પણ પશ્ચિમના સાહિત્ય સંપર્કનું પરિણામ છે. ટૂંકીવાર્તાનો ઉદ્ભવ ઓગણીસમી સદીમાં થઈ ગયેલા એડગર એલન પો અને રશિયાના ગોગલ એ બે સર્જકો દ્વારા થયો હોવાનું મનાય છે. પો અમેરિકામાં અને ગોગોલ રશિયામાં આ બંનેનું જન્મ વર્ષ ૧૮૦૯ એક જ છે. ગોગોલની રશિયન ભાષામાં લખાયેલી ટૂંકીવાર્તાના અનુવાદો યુરોપિયન ભાષામાં મોડા પ્રવેશ્યા હોવાને કારણે એડગર એલન પો ટૂંકીવાર્તાનો આરંભિક વાર્તાકાર મનાય છે. ગુજરાતીમાં આ સ્વરૂપનો ઉદ્ભવ વીસમી સદીના પ્રારંભિક બે દાયકાઓમાં થયો. આરંભે કેટલાંક સામયિકોએ વાર્તાને એક પ્લેટફોર્મ પૂરું પાડી અનેક ભાવકો સુધી પહોંચાડીને તેના સ્વરૂપને લોકપ્રિય બનાવવાનું અને સ્થિર કરવાનું સ્તુત્ય કાર્ય બજાવ્યું છે. વીસમી સદીના આરંભમાં 'વાર્તાવારીધિ', 'સુંદરી સુબોધ', 'ચન્દ્ર', 'સાહિત્ય' અને 'વીસમી સદી' જેવાં સામયિકો સાહિત્યને પ્રસારવાની સારી ભૂમિકા નિભાવતાં હતાં. આ સામયિકોના સંપાદકોએ આપણી આરંભકાલીન ટૂંકીવાર્તાનો પ્રચાર-પ્રસાર કરી તેના સ્વરૂપને સ્થિરતા બક્ષવાનું કાર્ય સુપેરે નિભાવ્યું.

હાજી મહમદ અલારખિયા શિવજી જેવા સાહિત્યપ્રેમીએ એ જમાનામાં ઘણી મોટી આર્થિક ખોટ સહન કરીને પણ 'વીસમી સદી' જેવું સામયિક સુંદર રીતે ચલાવ્યું. ખૂબ જ આકર્ષક લે-આઉટ અને સમૃદ્ધ વાંચનની સામગ્રીને કારણે આ સામયિક ભાવકપ્રિય બન્યું હતું. સૌથી નોંધપાત્ર વાત એ છે કે ગુજરાતી સાહિત્યની પ્રથમ ટૂંકીવાર્તા તરીકે જેને બહુધા વિવેચકો અને ભાવકોએ સ્વીકારી છે તે 'ગોવાલણી' વાર્તા આ સામયિકમાં સૌ પહેલાં પ્રકાશિત થઈ હતી.

'ગોવાલણી' (કંચનલાલ વાસુદેવ મહેતા-'મલયાનિલ')ને આપણે પહેલી વાર્તા તરીકે ઓળખીએ છીએ પરંતુ તે પહેલાં પણ ગુજરાતીમાં વાર્તારચનાના અનેક પ્રયાસો જુદા જુદા લેખકો દ્વારા થયા હતા. ગુજરાતી ટૂંકીવાર્તામાં વાર્તાલેખનના સારા પ્રયાસ લેખે જેની ગણના થાય છે તે 'શાંતિદાસ' નામની વાર્તા ઈ.સ.૧૯૦૦માં અંબાલાલ સાકરલાલ દેસાઈ પાસેથી મળે છે. પ્રો. જયંત મહેતા ઈ.સ.૧૯૦૪માં પ્રગટ થયેલી રણજિતરામ મહેતાની 'હીરા' વાર્તાને પહેલી વાર્તા તરીકે ગણાવે છે. આ સિવાય પણ ધનસુખલાલ મહેતા, બટુભાઈ ઉમરવાડિયા, લીલાવતી મુનશી અને ઈન્દુલાલ યાજ્ઞિક જેવા સર્જકોએ પણ આ ગાળામાં વાર્તાલેખનના પ્રયાસો કર્યા છે. જોકે આ બધા સર્જકો અને પ્રથમ વાર્તાના મતમતાંતરોમાં સ્વરૂપની દૃષ્ટિએ જોતાં 'ગોવાલણી'ને સ્વીકાર્ય ગણી શકાય. એટલે ગુજરાતી પ્રથમ વાર્તા તરીકે 'ગોવાલણી'ને તેના લેખક તરીકે કંચનલાલ વાસુદેવ મહેતાને તે માન પ્રાપ્ત થાય છે.

ઉપરોક્ત ગણાવેલા આરંભિક વાર્તાકારોમાં ટૂંકીવાર્તાનાં સ્વરૂપગત લક્ષણો હજી માંડ માંડ વિકસી રહ્યાં હતાં. આ લેખકો ટૂંકીવાર્તા સ્વરૂપને પામવા માટેનો રિયાઝ કરી રહ્યા હતા. ઘણીવાર આ સમયની વાર્તાઓ કલાને છોડીને સમાજ સુધારાના પ્રયોજનને વળગતી દેખાય છે. આમ, આરંભના આ પ્રયોગોમાં વાર્તા સ્વરૂપ કળાત્મક રીતે સિદ્ધ થવા જતું હતું પરંતુ ટૂંકીવાર્તાના સ્વરૂપને ખરી સિદ્ધી 'ધૂમકેતુ' દ્વારા પ્રાપ્ત થાય છે. ઈ.સ.૧૯૨૬માં શ્રી ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી 'તણખામંડળ-

૧' પ્રગટ કરે છે. આ સાથે જ ગુજરાતીમાં પહેલીવાર પ્રતિભાશાળી વાર્તાકારનો પરિચય થાય છે. તેમનો આ સંગ્રહ ગુજરાતી ટૂંકીવાર્તાના ઈતિહાસમાં સીમાચિહ્નરૂપ ઘટના તરીકે સ્થાન પામે છે. ધૂમકેતુની વાર્તાઓની નોંધ લેતાં ચુનીલાલ મડિયા યોગ્ય જ કહે છે કે, વાર્તા-નવલકથાના ક્ષેત્રે અનેકાનેક લેખિનીઓ કામ કરતી હશે ત્યારે પણ એની કેડી કંડારી આપવાનો યશ ધૂમકેતુને આપવો પડશે.૫

ધૂમકેતુની વાર્તાનાં મહત્ત્વનાં ગણી શકાય તેવાં બે લક્ષણો છે જેમાં ઊર્મિનો આવેગ અને તેમની શૈલીનો આકર્ષક વૈભવ. ધૂમકેતુની વાર્તાઓ ભાવનાવાદી અને આદર્શવાદી વિચારણાને લાગણીભર્યા ઘેરા રંગથી પ્રભાવશાળી બનાવી આલેખે છે. તેમની વાર્તાઓમાં રહેલા વાસ્તવવાદ, ભાવનાવાદ અને આદર્શવાદને જોતાં શ્રી શિરીષ પંચાલ યોગ્ય જ નોંધે છે કે;''મોપાસાં, એન્તન ચેખોવ, તોલસ્તોય, આનાતોલે ફ્રાન્સ, રવીન્દ્રનાથ ઠાકુર જેવાની વાર્તાઓથી તેમની રુચિ કેળવાયેલી હતી. ટૂંકી વાર્તામાં તેમણે માત્ર લોકકથા, ઈતિહાસકથા, પુરાણકથા, રૂપકકથા જેવા ઢાંચાઓનો જ ઉપયોગ નથી કર્યો પણ સ્થળકાળ, પાત્રનાં વૈવિધ્ય આણ્યાં. સાદા ગદ્યથી માંડીને કાવ્યાત્મક ગદ્ય પ્રયોજ્યું. વાસ્તવવાદને પણ આદર્શવાદ અને ભાવનાવાદના વાઘા પહેરાવ્યા.'' (પૃ. ૧૭૯, ગુજરાતી સાહિત્યકોશ-૩)

ધૂમકેતુની વાર્તાઓમાં આલેખાતા વિષયો અને મૂલ્યોમાં શહેર, ગામડું, ગરીબાઈ, તવંગરપણું, યંત્રો, કારખાનાંઓ તથા માનવીય મૂલ્યોમાં દયા, પ્રેમ, માયા, મમતા, ઈર્ષ્યા, દ્વેષ, સુખ, દુઃખ, વેરઝેર, કરુણા વગેરેનો સમાવેશ થાય છે. તેમની લોકપ્રિય અને જાણીતી વાર્તાઓમાં 'પૉસ્ટઑફિસ', 'જુમો-ભિસ્તી', 'ભૈયાદાદા', 'પૃથ્વી અને સ્વર્ગ', 'સોનેરી પંખી', 'વિનિપાત', 'કલ્પનાની મૂર્તિઓ' અને 'એક ટૂંકી મુસાફરી' જેવી વાર્તાઓનો સમાવેશ થાય છે. આદર્શવાદી અને ભાવનાવાદી આ સર્જક ઘણીવાર બધું કહી દેવાના મોહમાં વાર્તાના ધ્વનિતત્ત્વને ઉઘાડું પાડી દે છે ત્યાં તેમની વાર્તાકલાને હાનિ પહોંચે છે. આમ છતાં ૫૦૦ જેટલી માતબર વાર્તાઓ આપનારા આ સર્જકે ટૂંકીવાર્તાના સ્વરૂપને આરંભે સ્થિરતા આપી એક નવીન માર્ગ કંડાર્યો તે માટે સાહિત્યના ઈતિહાસમાં તેમનું નામ સદા અમર રહેશે.

ઉમાશંકરે જેમને 'ગાંધીયુગના સાહિત્યગુરુ' તરીકે ઓળખાવ્યા છે એવા રામનારાયણ વિશ્વનાથ પાઠક 'દ્વિરેફ' તખલ્લુખસથી વાર્તાઓ લખે છે. ધૂમકેતુની ૫૦૦ જેટલી વાર્તાઓ સામે દ્વિરેફની ૪૦ જેટલી જ વાર્તાઓ હોવા છતાં ગુજરાતી ટૂંકીવાર્તામાં તેમની ગણના વાર્તાકાર તરીકે ધૂમકેતુની હારોહાર થાય છે. ધૂમકેતુની ભાવના અને આદર્શવાદી વાર્તાઓ સામે દ્વિરેફની વાર્તાઓ કળાત્મકતાના ધોરણે ધ્યાનપાત્ર છે. દ્વિરેફની વાર્તાઓમાં માનવમનનાં સંકુલ સંચલનો અને રચનારીતિની આગવી પદ્ધતિ વિશેષ ધ્યાનપાત્ર છે. દરેક વાર્તામાં કંઈ ને કંઈ નવીન શૈલી કે પ્રયુક્તિ અજમાવતા દ્વિરેફની વાર્તાઓ મનોવૈજ્ઞાનિક નિરૂપણની રીતે પણ સમૃદ્ધ તથા શક્તિશાળી છે. દ્વિરેફની વાતોના ત્રણ ભાગ દ્વારા ગુજરાતી ટૂંકીવાર્તાને રળિયાત કરવાનું કામ તેમના દ્વારા થયું છે. વાર્તામાં ઊર્મિમયતા કે ભાવનાને સ્થાને ચાતુર્ય અને બુદ્ધિના પ્રયોગો તેમણે કર્યા. પાત્રનાં માનસિક વલણો અને એને કારણે ઊભી થતી પરિસ્થિતિઓની રજૂઆત કરતાં પાત્રના રહસ્યને સુપેરે નિભાવ્યું છે. ગાંધીયુગની સાદી સરળ ગદ્યશૈલીના એ પુરસ્કર્તા રહ્યા છતાં પણ વાર્તા અને ગદ્યમાં નવીન પ્રયોગોને યોગ્ય સ્થાન આપ્યું. માનવજીવનના નિર્ણાયક બળ તરીકે જિન્સીતત્વોનો પ્રભાવ અને તેને આલેખતી વાર્તાઓની શરૂઆત ગુજરાતીમાં તેમના દ્વારા થવા પામી. દ્વિરેફની વાર્તાઓમાં આવતા ચિંતને તેમની વાર્તાઓના સ્વરૂપને કે કળાને બિલકુલ હાનિ થવા દીધી નથી. તેમની જાણીતી વાર્તાઓમાં 'મુકુન્દરાય', 'સૌભાગ્યવતી', 'બુદ્ધિવિજય' અને 'જક્ષણી' વગેરેનો સમાવેશ કરી શકાય.

લોકસાહિત્યને પોતાની ખંત, મહેનત અને સૂઝબૂઝથી એકત્ર કરી ગ્રંથસ્થ કરનાર ઝવેરચંદ મેઘાણી સર્જક તરીકે પણ એટલા જ બળુકા સર્જક છે. ૧૯૩૦ની આસપાસ રશિયાની ક્રાંતિથી પ્રભાવિત લેખકોએ જે પ્રગતિશીલ સાહિત્યનું ક્ષેત્ર વિકસાવ્યું તેમાં એક મેઘાણી પણ છે. તેમની પાસેથી સાહસ, સ્વાર્પણ અને વીરતાના ભાવોવાળી તથા બળુકા તળપદી ગદ્યની છાંટવાળી આકર્ષક વાર્તાઓ પ્રાપ્ત થાય છે. તેમની વાર્તાઓ તથા અન્ય સાહિત્યમાં પણ ગાંધીજી, રવિન્દ્રનાથ અને સામ્યવાદી વિચારણાનું દર્શન સુપેરે થાય છે. તેમની વાર્તાઓમાં બાલવાર્તાઓ, સંતકથાઓ તથા ધાર્મિક વ્રતકથાઓ પણ સમાવેશ થાય છે. લગભગ બાસઠ જેટલી ટૂંકીવાર્તાઓ આપનારા આ લેખકની વાર્તાઓ વિશે જયંત પાઠક નોંધે છે કે, 'ગુજરાતી ટૂંકીવાર્તામાં મેઘાણીની ધીંગી શૈલીમાં લખાયેલી બહારવટિયાઓ, સંતો, રાજપૂતો અને કાઠીઓના જીવનની ખુમારી, નિર્ભયતા અને શૂરવીરતાનું હૃદ્ય આલેખન તેમની વાર્તાઓને ચિરંજીવ બનાવે છે.

ગાંધીયુગમાં પોતાની આગવી પ્રતિભાથી નવલકથાને લોકપ્રિય બનાવનારા ર.વ.દેસાઈ પાસેથી પણ ટૂંકીવાર્તાઓ પ્રાપ્ત થાય છે. દલિત-પીડિત અને શોષિત તથા ગ્રામીણ વર્ગ અને ગ્રામ્યસુધારણાને લગતા વિષયો તેમણે સારી પેઠે ખેડ્યા છે. ર.વ. દેસાઈની સાથે ટૂંકીવાર્તામાં આ સમયે પ્રવૃત્ત થયેલા સર્જકોમાં ગુણવંતરાય આચાર્ય, સ્નેહરશ્મિ અને ચુનીલાલ વર્ધમાન શાહ વગેરેનો સમાવેશ કરી શકાય.

ત્રીશીના સમયગાળામાં જીવનના અન્ય ક્ષેત્રોમાં જેમ ગાંધીવિચાર પ્રબળપણે પ્રભાવ ઊભો કરે છે તેમ તેનો પ્રભાવ સાહિત્ય ઉપર પણ અનુભવાય છે. ગાંધીભાવનાનો તથા પ્રગતિશીલ વિચારોનો પડઘો પોતાના સાહિત્ય દ્વારા પાડનારા સર્જકોમાં સુન્દરમ્, ઉમાશંકર, ગુલાબદાસ બ્રોકર, જયંતિ દલાલ, પેટલીકર, પન્નાલાલ વગેરેનો સમાવેશ કરી શકાય.

ગામડામાંથી આવી શહેરમાં વસેલા સુન્દરમે વાર્તાલેખનનો આરંભ 'ત્રિશૂળ' ઉપનામથી કરેલો. 'ખોલકી અને નાગરિકા', 'પિયાસી', ''હીરાકણી અને બીજી વાતો' તથા 'ઊન્નયન' જેવા વાર્તાસંગ્રહો આપનારા સુન્દરમ્ ગુજરાતી ટૂંકીવાર્તાના ખૂબ મહત્ત્વના સર્જક છે. તેમની ટૂંકીવાર્તાઓમાં કાર્લ માર્ક્સ, ફ્રોઈડ અને ગાંધીજીનો વિશેષ પ્રભાવ જોઈ શકાય. સુન્દરમ્‌ની વાર્તાઓનું વિષયવસ્તુ બહોળો પટ ધરાવે છે. અત્યાર સુધીના સાહિત્યમાં જાતીય પ્રશ્નો અને સ્ત્રી-પુરુષ સંબંધની સંકુલતાઓ આલેખવામાં સર્જકો પૂરી નિખાલસતા દર્શાવતા નહીં. સુન્દરમે જાતીય પ્રશ્નો અને ધૃણાસ્પદ ગણાતા વિષયોને પણ તેમની 'ખોલકી' અને 'નારસિંહ' જેવી વાર્તાઓમાં નિઃસંકોચ છતાં કળાત્મકતાથી આલેખ્યા છે. 'ખોલકી' વાર્તાને તો શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ 'બીભત્સ રસની બેનમૂન વાર્તા' તરીકે ઓળખાવી છે. સુન્દરમ્‌ની વાર્તાઓમાં સ્ત્રીમાનસ અને સ્ત્રીજીવનનાં રહસ્યો પણ 'માને ખોળે' તથા 'જીવનની તરસ' જેવી વાર્તાઓમાં સ-રસ આલેખાયાં છે. તેમની જાણીતી વાર્તાઓમાં 'ખોલકી', 'મીનપીયાસી', 'ગોપી', 'માને ખોળે', 'માજાવેલાનું મૃત્યુ' વગેરેનો સમાવેશ કરી શકાય. તેમની વાર્તાકળાને બિરદાવતાં શ્રી જયંત પાઠક નોંધે છે કે; "અહીં એકએક શબ્દ વાર્તાકારે જાણે વીણીવીણીને, કામનો છે તેથી જ મૂક્યો છે એવું લાગે છે. વર્ણનમાં ઊંડું નિરીક્ષણ છે, ઝીણવટભરી વિગતો છે ને ક્વચિત કવિતા પણ છે; પણ એ બધું વાર્તામાં નભી શકે એટલું જ છે; ક્યાંય એનો અતિશય જોવા મળતો નથી. વાર્તાઓ સુંદરમે સંખ્યામાં એમના સમકાલીન ગુલાબદાસ બ્રોકર, પન્નાલાલ પટેલ, જયંતિ દલાલ જેટલી લખી નથી, છતાં ગુણવત્તામાં, કલાતત્ત્વમાં એમની કેટલીક વાર્તાઓ એમના સમકાલીનોની વાર્તાઓને ટપી જાય એવી છે. તેથી આપણે વાર્તાપ્રવાહને ઈષ્ટ દિશામાં વાળનાર ન પુષ્ટ કરનાર અગ્રણી પ્રતિભાશાળી વાર્તાકાર તરીકે તેઓ ગુજરાતી વાર્તા સાહિત્યના ઈતિહાસમાં સ્થિર સ્થાન પામ્યા છે"(પૃ.૬૫, ટૂંકી વાર્તા અને બીજા લેખો)

ગુજરાતી સાહિત્યમાં મૂર્ધન્ય સર્જકનું બિરુદ પામનારા ઉમાશંકરનું ટૂંકીવાર્તા ક્ષેત્રે ધ્યાનાર્હ પ્રદાન છે. 'વાસૂકિ' ઉપનામથી વાર્તાલેખન શરૂ કરનારા ઉમાશંકર પાસેથી 'શ્રાવણી મેળો' નામનો પ્રથમ વાર્તાસંગ્રહ ૧૯૩૭માં પ્રાપ્ત થાય છે. તેમની વાર્તાઓમાં ગ્રામજીવન અને નગરજીવન બંને જોવા મળે છે. વાસ્તવ અને રંગરાગિતા બંનેને સાથે લઈને ચાલનારા ઉમાશંકર વાર્તાના સ્વરૂપને બરાબર પામી ચૂક્યા છે એ તેમની વાર્તાઓનો અભ્યાસ કરતાં જણાઈ આવે છે. તેમની વાર્તાઓમાં કવિતા, અર્થશાસ્ત્ર, માનવશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને રાજકારણ એ બધું સુંદર રીતે ગૂંથાઈને આવે છે. 'મારી ચંપાનો વર' જેવી પ્રસિદ્ધ વાર્તામાં આલેખાયેલું મનોવૈજ્ઞાનિક વસ્તુ સંકુલ ચિત્તની વિવિધ રમણાઓને આબાદ રીતે ચિત્રિત કરે છે. 'ગુજરીની ગોદડી' અને 'ઝાકળિયું' જેવી વાર્તાઓમાં સમાજલક્ષી વાસ્તવદર્શી અભિગમ ઉપસી આવતો દેખાય છે. 'છેલ્લું છાણું'માં ગ્રામીણજીવન અને તેના કજિયા-કલહમાં વ્યક્ત થતું માનવમન આસ્વાદ્ય બની રહે છે. ઉમાશંકરની ટૂંકીવાર્તાઓ વિશે વાત કરતાં ચુનીલાલ મડિયા લખે છે કે; "ધૂમકેતુ અને દ્વિરેફનાં અનુકરણોમાં અટવાવા માંડેલા વાર્તાનાં વહેણને ઉમાશંકરે કથાના અંતરંગ તેમજ બહિરંગની મૌલિકતા અને તાજગી વડે એક નવી મોકળાશ આપી. ઉપરાંત એક જ ઘરેડના બીબામાં ઢળતી જતી વાર્તાઓમાં જે એકવિધતા આવવા માંડી હતી એને પણ ઉમાશંકરે આયોજન તેમજ નિરૂપણના પુષ્કળ પ્રયોગો વડે ટાળી" (પૃ. ૨૦૯, વાર્તાવિમર્શ) ઉમાશંકરની જાણીતી વાર્તાઓમાં 'મારી ચંપાનો વર', 'બે બહેનો', 'પગલીનો પાડનાર', 'હીલ્લી', 'શ્રાવણી મેળો' અને 'પરબીડિયાં' વગેરેનો સમાવેશ કરી શકાય.

સમાજવાદી વિચારસરણીથી રંગાયેલા જયંતિ દલાલ ગાંધીયુગનું ફરજંદ છે. સામાજિક અન્યાય, આર્થિક શોષણ, સાંસ્કૃતિક સમસ્યાઓ અને માનવમનની સંકુલતાના વિષયો તેમની વાર્તાઓમાં નિરૂપાયા છે. જયંતિ દલાલ પાસેથી 'ઉત્તરા', 'મૂકમ્ કરોતિ', 'જૂજવાં', 'કથરોટમાં ગંગા', 'આ ઘેર પેલે ઘેર', 'અડખેપડખે' અને 'ઈષત્' જેવા વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે. લેખક સારા નાટ્યકાર હોઈ તેમની નાટ્યકલાનો લાભ તેમની ટૂંકીવાર્તાઓને પણ મળ્યો છે. વાર્તાકલાના કસબી અને વિદેશી વાર્તાઓના અભ્યાસી હોવાને કારણે તેમની વાર્તાઓમાં પ્રયોગલક્ષિતા ભારોભાર દેખાય છે. તેમની વાર્તાસૃષ્ટિનાં પાત્રો ગ્રામીણ કરતાં શહેરી વધારે છે અને તેમાં પણ મધ્યમ અને નીચલા વર્ગનાં છે. તેમનાં પાત્રો સામાન્ય વર્ગમાંથી આવતાં અસામાન્ય પાત્રો છે. પ્રયોગલક્ષી વલણ ધરાવતા હોવાને કારણે એક જ થીમ ધરાવતી વાર્તાઓને જુદી જુદી પ્રયુક્તિઓ દ્વારા આલેખવાનો પ્રયાસ કર્યો છે. તેમની 'ચૂંદડિયો' વાર્તામાં આવતું ભૂરિયા કૂતરાનું પાત્ર હ્યુમન ડોગ બની રહે તેવું આકર્ષક છે. સંવેદનની તીવ્રતાથી લખાયેલી તેમની ટૂંકીવાર્તાઓ ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવ બની રહી છે.

બ્રોકરનો સાહિત્યના ક્ષેત્રમાં પ્રવેશ ટૂંકીવાર્તાથી જ થયો અને તે છેક સુધી સારા વાર્તાકાર બની રહ્યા. તેમની પાસેથી 'લતા અને બીજી વાતો', 'ઊભી વાટે', 'વસુંધરા અને બીજી વાતો', 'સૂર્યા', 'પ્રકાશનું સ્મિત' અને 'જીવનનાં અમૃત' જેવા વાર્તાસંગ્રહો મળે છે. પરદેશની સારી વાર્તાઓના અનુવાદો પણ તેમણે આપ્યા છે. પશ્ચિમના સાહિત્યના વાચક બ્રોકર ત્યાં ચાલતા વાર્તાના અવનવા પ્રયોગોથી પરિચિત રહે છે અને તે પ્રકારની વાર્તાઓ લખવાના પ્રયત્ન કરે છે. શહેરમાં ઉછરેલા બ્રોકરની વાર્તાનાં પાત્રો પણ શહેરનાં ઉપલા મધ્યમ વર્ગનાં જ છે. તેમની વાર્તાઓમાં વિશેષ રીતે સ્ત્રી-પુરુષ સંબંધો અને તેની સંકુલતા તથા આકર્ષક અને પ્રેમના વૈવિધ્યભર્યા રૂપો આલેખાયાં છે. જાતીય સંબંધના નૈતિક સ્ખલન અને સાહજિક આકર્ષણને વર્ણવતી તેમની 'લતા શું બોલે ?' ખૂબ જ પ્રશંસા પામેલી વાર્તા છે. પ્રણય ત્રિકોણની આકર્ષક ગૂંથણીની સાથે સાથે ગદ્યની

આકર્ષક માવજત પણ આ વાર્તામાં છે. વાર્તા કહેવાની તેમની સરળ પદ્ધતિ તથા કેટલીક મર્યાદાઓની નોંધ જયંત પાઠક આ રીતે લે છે; "વાત કહેવાની પેલી લોકપ્રચલિત રીતિનો ઉપયોગ એમની વાર્તામાં ઘણીવાર થયો છે ને તેથી વાર્તાઓમાં ક્યારેક નિરર્થક પ્રસ્તાર થઈ જતો હોય એવું પણ લાગે છે. બધું કહી નાખવાની એમની ઈચ્છા પણ કલાસિદ્ધિમાં ક્યારેક અંતરાય બની રહે છે. શ્રી બ્રોકરની વાર્તાઓની આસપાસ નિખાલસ સચ્ચાઈની ને વિશાળ સહાનુભૂતિની એક હવા રહેલી અનુભવાય છે. માણસના મનમાં તેઓ ઊતરે છે તે તેને સમજવા જ, રાગદ્વેષ કેળવવા નહિ. એમની ઉત્તમ વાર્તાઓમાં 'લતા શું બોલે ?', 'નીલિનું ભૂત', 'ધૂમ્રસેર', 'એક દ્વંદ્વયુદ્ધ', 'ગુલામદીન ગાડીવાળો' ને 'નરહરજી' નો ખુશીથી સમાવેશ થાય." (પૃ.૭૧, ટૂંકીવાર્તા અને બીજા લેખો)

નવલકથા ક્ષેત્રે શિરમોર સર્જકતા પ્રગટાવી 'માનવીની ભવાઈ' જેવી કૃતિ આપનારા પન્નાલાલ પાસેથી માતબર વાર્તાઓ પ્રાપ્ત થાય છે. કોઈપણ જાતના ચોક્કસ અભિગ્રહો વિના સાબરકાંઠા અને રાજસ્થાનની સરહદના મુલકને વાર્તાના વિશ્વમાં સુપેરે આલેખે છે. લેખનપ્રવૃત્તિના આરંભમાં સુન્દરમ્, ઉમાશંકર અને રા.વિ.પાઠક જેવા સાહિત્યકારોનું માર્ગદર્શન પ્રાપ્ત થાય છે જે તેમની કારકિર્દીમાં ખૂબ જ ઉપયોગી નીવડે છે. લગભગ છસો જેટલી વાર્તા આપનારા પન્નાલાલને નવલકથાકાર પન્નાલાલે ઢાંકી દીધા છે. તેમની વાર્તાસૃષ્ટિનાં પાત્રો વૈવિધ્યસભર છે. ગામડું અને શહેર આ બંનેને પન્નાલાલે નજીકથી જોયું, જાણ્યું અને અનુભવ્યું છે. આથી આ બંને જગતનાં ઉદાત્ત ચરિત્રો તેમના વાર્તાવિશ્વમાં ઝળહળે છે. પન્નાલાલની વાર્તાકળાનો વિગતે અભ્યાસ કરનાર શ્રી પ્રમોદકુમાર પટેલ નોંધે છે કે; "પન્નાલાલે આત્મસૂઝથી જ પોતાની કથનકળા વિકસાવી છે. એમાં જીવંત અને સ્વાભાવિક કથનરીતિનો સ્વીકાર છે. વાર્તા કહેનાર કોઈ કથક (નેરેટર) એમાં કંઠ્ય વાર્તાકથનના લહેકા અને લવચિકતા આણે છે. લોકબોલીના પ્રાણવાન શબ્દો/શબ્દપ્રયોગો/રૂઢ ઉક્તિઓ એમાં સહજ રીતે ગૂંથાતાં રહ્યાં છે. પ્રસંગ કે દૃશ્યના વર્ણનની ભાષામાં અમુક શિષ્ટ કોટિની ભાષા યોજાઈ છે. તેમાં પણ સાક્ષરી ભાષા કે સાહિત્યિક ભાષાનો આયાસપૂર્વક ઉપયોગ નથી. બીજી બાજુ, પાત્રોના સંવાદો કે સ્વગતોક્તિમાં તળપદી બોલીના અસાધારણ ચોટદાર પ્રયોગો મળે છે. પન્નાલાલને આમે ય લોકસૃષ્ટિનો એકદમ નિકટનો પરિચય છે. એટલે પાત્રો, પ્રસંગો અને પરિસ્થિતિઓનાં વર્ણન-ચિત્રણમાં વિગતોની સૂક્ષ્મતા અને સચ્ચાઈ તરફ ધ્યાન ખેંચે છે. જનપદના જીવનની પ્રકૃતિની કે સીમવગડાની વર્ણનરેખાઓમાં પન્નાલાલની કુશાગ્ર પ્રત્યક્ષીકરણની શક્તિનો સતત સુખદ પરિચય થાય છે. પ્રકૃતિ, માનવઘટના અને પરિવેશ કોઈપણ ચિત્રણમાં પન્નાલાલ નક્કર વાસ્તવિકતાનાં રૂપો પકડમાં લે છે. સૂક્ષ્મતમ રંગરેખા પોતે કે આકારની વિગતો તેઓ ઝટ પકડી લે છે. પદાર્થોનું સ્વચ્છ સુરેખ પ્રત્યક્ષીકરણ એ તેમની સર્જકશક્તિનો અતિ નોંધપાત્ર ઉન્મેશ છે.' (પૃ. ૩૭-૩૮, કથાવિચાર)

પન્નાલાલની જેમ જ ગ્રામજીવનને અને ચરોતરની સામાજિક સમસ્યા- સંવેદનાઓને પોતાની વાર્તાઓમાં આલેખનારા ઈશ્વર પેટલીકર પાસેથી સારી એવી વાર્તાઓ પ્રાપ્ત થાય છે. તેમના વાર્તાસંગ્રહોમાં 'લોહીની સગાઈ', 'માનતા', 'તાણાવાણા' અને 'અભિસારિકા'નો સમાવેશ થાય છે.

બહુમુખી પ્રતિભા ધરાવનારા સૌરાષ્ટ્રના એક તેજસ્વી વાર્તાકાર એટલે ચુનીલાલ મડિયા. ઈ.સ.૧૯૪૫માં તેઓ 'ઘૂઘવતાં પૂર' વાર્તાસંગ્રહ આપે છે. તેમના દસેક જેટલા વાર્તાસંગ્રહોમાંની ઘણીબધી વાર્તાઓમાં સૌરાષ્ટ્રની ધરતીની ફોરમ સબળપણે અનુભવાય છે. વાર્તાઓનું વૈવિધ્યભર્યું વિષયવસ્તુ અને આકર્ષક સંવિધાન તેમની વાર્તાઓની આગવી વિશેષતા છે. તેમની શૈલી બહુધા રંગરાગી અને ક્યારેક વાર્તાઓને ઘેરા રંગે રજૂ કરે છે. મડિયાની વાર્તાઓની નોંધ લેતાં શ્રી પ્રસાદ બ્રહ્મભટ્ટ લખે છે કે; "તેમની વાર્તાઓમાં સોરઠી જીવનની ધીંગી વાસ્તવિકતા, માનવચિત્તમાં આદિમ બળો અને તેને કારણે ઊભી થતી કરુણવક્ર પરિસ્થિતિ કલાત્મક આવિર્ભાવ પામે છે. 'કમાઉ દીકરો', 'વાની મારી કોયલ', 'અંતઃસ્રોતા' વગેરે જેવી આ પ્રકારની નમૂનેદાર વાર્તાઓમાં મડિયાની લેખિની ગંભીર ચાલે ચાલતી જોવા મળે છે. મડિયાની વાર્તાઓમાં વાર્તાતત્ત્વ ઘણું છે, એની સરખામણીમાં ટેકનિકની મથામણ ઓછી છે. વાર્તાતત્ત્વની બહુલતા અને સચોટતા તેમની વાર્તાઓને લોકપ્રિય બનાવે છે. નગરજીવનની પૃષ્ઠભૂવાળી વાર્તાઓમાં તેમને ધારી સફળતા સાંપડી નથી." (પૃ. ૯૫, સત્તર સાહિત્યસ્વરૂપો)

ગાંધીયુગ અને આધુનિક યુગને જોડતી કડી જેવા બળુકા સર્જક એટલે જયંત ખત્રી. ૧૯૫૫ પછી સુરેશ જોષીના આગમનથી ગુજરાતી ટૂંકીવાર્તા પૂરેપૂરી આકૃતિ અને ભાષાની રીતે બદલાય છે. સ્વરૂપને સિદ્ધ કરવા મથતી આ વાર્તાનાં જ કેટલાંક પ્રયોગલક્ષી વલણો સુરેશ જોષી પહેલાં આપણને જયંત ખત્રીમાં જોવા મળે છે. જયંત ખત્રી વાર્તાલેખન માટે સર્જકની તીવ્રતમ અનુભૂતિને ખાસ મહત્ત્વ આપે છે. વાર્તા કેવી હોઈ શકે તે નોંધતાં તેઓ લખે છે;"જેમાં વિશિષ્ટ અનુભૂતિ વ્યક્ત થતી હોય એવું કોઈપણ લખાણ નવલિકા હોઈ શકે. ઘટના હોય એનો અંશતઃ અથવા સંપૂર્ણ લોપ થતો હોય માનવી એક અદકેરા પાત્ર તરીકે પણ ક્યાંય ન દેખાતું હોય, સંવાદ ન હોય. અરે વ્યાકરણ ન હોય તોય ચલાવી શકાય પણ એક માત્ર અનુભૂતિની સચોટ ચોટ હોય તો તે એક અદ્ભુત નવલિકા હોઈ શકે." (પૃ.૪૦, જયંત ખત્રીની વાર્તાઓમાં આધુનિકતા-લે. ભરત પરીખ) રચનારીતિની પ્રયોગશીલતા તથા વસ્તુ અને શૈલી નિરૂપણમાં વૈવિધ્ય જોઈ શકાય છે. તેમની લોકપ્રિય તથા જાણીતી વાર્તાઓમાં 'લોહીનું ટીપું', 'ખરા બપોરે', 'ધાડ', 'ખીચડી', 'નાગ' તથા 'તેજ, ગતિ અને ધ્વનિ' વગેરેનો સમાવેશ કરી

શકાય. આ ઉપરાંત આ ગાળામાં કેતન મુનશી, બકુલેશ અને મોહનલાલ મહેતા વગેરેએ વાર્તાક્ષેત્રે નોંધપાત્ર કામ કર્યું છે. આ ત્રણેમાં બકુલેશની વાર્તાકળા ખૂબ જ ધ્યાનાર્હ છે.

**સંદર્ભઃ**


૧. કથોપકથન, લે. સુરેશ જોષી, આવૃત્તિ વર્ષ : ૧૯૬૯
૨. ટૂંકી વાર્તા અને ગુજરાતી ટૂંકી વાર્તા, સં. જયંત કોઠારી, આવૃત્તિ વર્ષઃ ૧૯૭૭
૩. અનુઆધુનિકતાવાદ, સં. ભોળાભાઈ પટેલ, આવૃત્તિ વર્ષ : ૧૯૯૩
૪. અનુઆધુનિકતાવાદ, સં. ભોળાભાઈ પટેલ, આવૃત્તિ વર્ષ : ૧૯૯૩
૫. કથાવિચાર, લે. પ્રમોદકુમાર પટેલ, આવૃત્તિ વર્ષ : ૧૯૯૯
૬. ટૂંકીવાર્તા અને બીજાલેખો, સં. જયંત પાઠક, આવૃત્તિ વર્ષ : ૨૦૦૦
૭. નવી વાર્તાસૃષ્ટિ, સં. મણિલાલ હ.પટેલ, આવૃત્તિ વર્ષ : ૨૦૦૪
૮. વાર્તાપર્વ, લે. બાબુ દાવલપુરા, આવૃત્તિ વર્ષ : ૨૦૦૭